| GJDW050025862021 | | કેસ રજુ તારીખ | 26/12/2021 | | |
|---|---|---|---|---|---|
| | | કેસ દાખલ તારીખ | 26/12/2021 | | |
| | | ફેસલ તારીખ | 01/04/2026 | | |
| | સત્યમેવ જયતે | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | 04 | 03 | 07 |

**<u>દ્વારકાના એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં, દ્વારકા</u>**

**ફોજદારી કેસ નં. ૧૭૬૩/૨૦૨૧**
**આંક–**

**ફરિયાદી:**

**ડાડુભા હાડાભા માણેક**
**રહે. જૂની ધ્રેવાડ,**
**તા.દ્વારકા, જી.દેવભૂમિ દ્વારકા**

***વિરુદ્ધ***

**આરોપી:**
**મુનેરા ઇકબાલભાઈ દાઉદભાઈ**
**રહે. મુસલમાન પાળો, વરવાળા,**
**તા.દ્વારકા, જી.દેવભૂમિ દ્વારકા**

-------------------------------------------------------------------------------------

**ગુન્હો :–        નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ**

-------------------------------------------------------------------------------------

ફરિયાદ પક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી બી.જે.ગોહેલ
આરોપી પક્ષ તરફે : વિધ્વાન વકીલ શ્રી આર.સી.ભાયાણી

-------------------------------------------------------------------------------------

// <u>ઠરાવ</u> //

(૧.૧ ) ફરિયાદીએ હાલની ફરિયાદ આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુના અન્વયે કરેલ છે. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, ફરીયાદી જૂની ધ્રેવાડ મુકામે રહે છે અને આરોપી વરવાળા મુકામે રહે છે અને માછીમારી કરે છે તથા દંગો ચલાવે છે. ફરિયાદી અને આરોપી ઘણા વર્ષોથી એકબીજાને ઓળખે છે તેમન મિત્ર હોઈ સારા સંબંધ છે. આ કામના આરોપીને વેપાર ધંધા માટે નાણાની જરૂરિયાત ઉભી થતા, ફરિયાદી પાસેથી રૂ.૨,૦૦,૦૦૦/–ની માંગણી કરેલી. જેથી સંબંધના નાતે મદદરૂપ થવા વિના વ્યાજે હાથ ઉછીના રૂ.૨,૦૦,૦૦૦/– રોકડા તા.૨૨/૦૯/૨૦૨૦ના રોજ આપેલા. આરોપીએ તા.૨૨/૦૯/૨૦૨૦ના રોજ ફરિયાદીને ફરિયાદીના નામ જોગ બેંક ઓફ ઈન્ડિયા, દ્વારકા શાખાના આરોપીના બેંક ખાતા નં.૩૨૬૫૧૦૧૧૦૦૦૦૧૯૦નો ચેક નં.૦૪૧૮૩૯, તા.૨૧/૦૯/૨૦૨૧નો રૂ.૨,૦૦,૦૦૦/–નો આરોપીએ સંપૂર્ણ વિગત ભરીને તથા તેમની સહી કરીને ફરિયાદીને આપેલો અને જણાવેલ કે સદરહુ ચેક તમો તમારા ખાતાવાળી બેંકમાં ડીપોઝીટ કરાવશો એટલે તમોને તમારી લેણી રકમ મળી જશે તેવી ખાતરી, વિશ્વાસ અને ભરોસો આપેલ હતો અને તે હાથ ઉછીના નાણા આપ્યા તે અંગેનું લખાણ (અરસ–પરસનું બાંહેધરી ખત) દ્વારકા મુકામે તા.૨૨/૦૯/૨૦૨૦ના રોજ રૂ.૩૦૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર બે સાક્ષીઓની રૂબરૂ કરી આપેલ હતું.

(૧.૨) ત્યારબાદ ફરિયાદીએ આરોપીએ આપેલ ઉપરોક્ત ચેક વસુલાત માટે તા.૨૯/૦૯/૨૦૨૧ના રોજ તેમના આઈ.સી.આઈ.સી.આઈ.બેંક, દ્વારકા શાખામાં ખાતા નં.૧૭૦૩૦૧૫૦૧૯૩૨માં જમા કરતાં તે ચેક “Payment stopped by drawer”ના શેરા સાથે વસુલ થયા વિના પરત આવેલ અને જેનો રીટર્ન મેમો તા.૩૦/૦૯/૨૦૨૧નો ફરિયાદીને તા.૦૪/૧૦/૨૦૨૧ ના રોજ સદરહુ ચેક સાથે આપેલ છે. આથી ફરિયાદીએ આ કામના આરોપીને વાત કરતા તેઓએ જણાવેલ કે, “મેં સ્ટોપ પેમેન્ટ કરાવેલ નથી, તમારી આઈ.સી.આઈ.સી.આઈ.બેન્કની ભૂલ થઇ લાગે છે, તમારા બીજા બેંક ખાતામાં ચેક જમા કરવો એટલે રૂપિયા મળી જશે.” ત્યારબાદ ફરિયાદીએ સદર ચેક વસુલાત માટે તા.૨૦/૧૦/૨૦૨૧ના રોજ તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, દ્વારકા શાખામાં ખાતા નં.૨૦૩૪૨૧૪૭૩૨૨માં જમા કરતા તે ચેક ત્યાંથી પણ “Payment stopped by drawer”ના શેરા સાથે વસુલ થયા વિના પરત આવેલ અને જેનો રીટર્ન મેમો

તા.૨૧/૧૦/૨૦૨૧ના રોજનો ફરિયાદીને તા.૨૨/૧૦/૨૦૨૧ના રોજ સદરહુ ચેક સાથે આપેલ છે. ત્યારપછી આરોપી ફરિયાદી સાથે વાત કરતા નથી. જેથી આરોપીને વકીલ મારફતે તા.૨૯/૧૦/૨૦૨૧ની નોટીસ તા.૩૦/૧૦/૨૦૨૧ના રોજ રજી.એ.ડી.થી મોકલવાની ફરજ પડેલ અને નોટીસ આપી ચેકની રકમ રૂ.૨,૦૦,૦૦૦/- ફરિયાદીને દિન-૧૫માં ચૂકવી આપવાની જાણ કરેલ. જે નોટીસ આરોપીને તા.૦૯/૧૧/૨૦૨૧ના રોજ પોસ્ટ ખાતા મારફતે મળી ગયેલ હોવા છતાં તે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી ફરીયાદીએ આરોપી વિરુઘ્ઘ હાલની ઘી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ કરેલ છે.

(૨) ફરીયાદીએ ઉપરોકત ફરીયાદ રજુ કરતાં આ અદાલત ઘ્વારા ફરીયાદ રજીસ્ટરે લ ેવાનો હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ ની જોગવાઈ અન્વયે, આરોપી વિરૂઘ્ઘ ઘી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) સદરહુ ફરીયાદનુ રેકર્ડ તથા રોજકામ ઘ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિઘ્વાન વકીલશ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થીત થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે, આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. વધુમાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનો જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરીયાદનું કામ, ફરીયાદ પક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૪) આરોપી સામેના ઘી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે, નીચે મુજબનો વિગતવાર પુરાવો રજુ કરેલ છે.

**–:: ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી ડાડુભા હાડાભા માણેક નું સરતપાસનું સોગં | 05 |

| | | |
|---|---|---|
| | દનામું. | |

## –:: ફરિયાદ પક્ષે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપી અને ફરિયાદી વચ્ચે થયેલ લખાણ | 13 |
| ૨. | અસલ ચેક. | 14 |
| ૩. | પ્રથમ વખત ચેક રીટર્ન થયાનો બેંક રીટર્ન મેમો. | 15 |
| ૪. | બીજી વખત ચેક રીટર્ન થયાનો બેંક રીટર્ન મેમો. | 16 |
| ૫. | ફરિયાદીએ આરોપીને વિદ્વાન વકીલશ્રી મારફતે આપેલી લીગલ નોટીસ | 17 |
| ૬. | આર.પી.એ.ડી.કર્યાની સ્લીપ | 18 |
| ૭ઈ | એકનોલેજમેન્ટ સ્લીપ | 19 |
| ૮. | ફરિયાદીનું આધાર કાર્ડ | 20 |
| ૯. | કલોઝીંગ પુરસીસ. | 28 |

**(૫)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમી.પ્રો.કોડની ક–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેઓએ વિશેષમાં જણાવેલ છે કે અમોએ ફરિયાદી પાસેથી રૂ.૨,૦૦,૦૦૦/– બે લાખ રકમ લીધેલ નથી કે તે બાબતે કોઈ લખાણ કરી આપેલ નથી કે ફરિયાદવાળો ચેક ફરિયાદીને લેણા પેટે આપેલ નથી. તેમજ બચાવપક્ષે સાક્ષી તપાસી નીચે મુજબનો પુરાવો આપેલ છે:

## –:: બચાવ પક્ષે રજૂ થયેલ મૌખિક પુરાવો ::–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | બેંક ઓફિસર આનંદકુમાર મંગતરામની જુબાની | 35 |

## **–:: બચાવ પક્ષે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્ટોપ પેમેન્ટ એન્ટ્રી | 36 |
| ૨. | કલોઝિંગ પુર્સીસ | 40 |

**(૬)** ફરીયાદી તથા આરોપી તરફેની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે. જેની ચર્ચા આગળ ચુકાદામાં કરવામાં આવેલ છે.

**(૭)** આ કામે કરવામાં આવેલ દલીલો, ફરીયાદીની ફરીયાદ હકીકત, તથા ફરીયાદના કામે રજુ થયેલ મૌખીક તેમજ  દસ્તાવેજી–પુરાવો, ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ:૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેતા સદરહુ ફરીયાદના ન્યાય નિણ”ય માટે નીચે મુજબના મુદ’ાઓ ઉપસ્થીત થાય છે:–

**–:: <u>મુદ્દાઓ</u> ::–**

૧) શું ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કાયદેસરના લેણાની ચૂકવણી પેટે ફરીયાદીને રૂ. ૨૯૦૦૯૦૦૦૭ઢનો ચેક નંબર ૦૪૧૮૩૯૯ તા. ૨૧૭૦૯૭૨૦૨૧ નો બેંક ઓફ ઇન્ડિયા૯ દ્વારકા શાખાનો આપેલ તે સ્ટોપ પેમેન્ટ ના કારણે વણચૂકવાયેલ પરત ફરતાં તેની માગણાની લેખીત નોટીસ સમયમર્યાદામાં આરોપીને આપેલ જેનો આરોપીએ અમલ નહીં કરી ધી નેગોશીએબલ ઈસ્ટ્રુમેન્ટસ એકટની કલમ ૧૩૮ મુજબની શીક્ષાને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

૨)  શું હુકમ ?

૮૮૯ ઉપરોક્ત મુદ્ધાઓ અંગેના મારા નિર્ણયો આ પછી તરત જ દર્શાવેલ કારણો તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે :

:- **<u>નિર્ણયો</u>** :-

૧.  હકારમાં

૨ .  આખરી હુકમ મુજબ.

(૯)  ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે. :-

<u>-: કા ર ણો :-</u>

(૧૦)  **<u>મુદ્દા નંબર-૧</u>** :-

(૧૦.૧) આ કામે આરોપી તરફે મુખ્યત્વે પોતાના ક્રિમીનલ પ્રોસીજર કોડની ક.૩૧૩ મુજબના નિવેદનમાં ફરિયાદી પાસેથી રૂ.૨,૦૦,૦૦૦/-ની રકમ લીધેલ નથી કે કોઈ લખાણ કરી આપેલ નથી કે તકરારી ચેક ફરિયાદીને આપેલ નથી તેઓ બચાવ લેવામાં આવેલ છે તથા ઉલટતપાસમાં આરોપી અને ફરિયાદી વચ્ચે પ્રત્યક્ષ નાણાકીય વ્યવહાર થયેલ નથી અને બે લાખ રૂપિયા ફરિયાદીએ અતુલભા કાયાભા સુમણીયાને આપ્યા હતા તેવો બચાવ લેવામાં આવેલ છે. પરંતુ આરોપી દ્ધારા આ બચાવના સમર્થનમાં કોઈ પુરાવો આપવામાં આવેલ નથી કે ફરિયાદીની કરેલ ઉલટતપાસથી આવા બચાવની સંભવિતતા બહાર આવતી નથી. ફરિયાદી દ્ધારા આરોપીને રૂપિયા બે લાખ રોકડ આપેલ હતા તેના તેના બદલામાં આરોપીએ ફરિયાદીને ચેક નં.૦૪૧૮૩૯ આપેલ હતો તેના સમર્થનમાં આરોપી તેમજ ફરિયાદી બંનેની સહીવાળું લખાણ જે બે સાક્ષી રૂબરૂ કરવામાં આવેલ છે તે આંક-૧૩થી રજુ કરવામાં આવેલ છે. આ લખાણથી વિરુદ્ધ કોઈ પુરાવો આરોપી દ્ધારા આપવામાં આવેલ નથી કે આ લખાણના સાક્ષીઓ થકી પણ આ લખાણ બાબતે વિરુદ્ધનો કોઈ પુરાવો આપેલ નથી. જેથી આરોપીએ લખી આપેલ આ બાંહેધરી ખત નહિ માનવાને કોઈ કારણ નથી. આંક-૧૩ના લેખિત પુરાવાની હાજરીમાં ફરિયાદીની સદ્ધરતાનો કોઈ સવાલ ઉભો થતો નથી. આંક-૧૩ના નીચે મુજબના લખાણને જોતાં, આ ચેકમાં આરોપીની સહી નહિ હોવાનું સુચન માત્ર ફરિયાદીની ઉલટતપાસમાં કરવાથી કઈ શંકા ઉભી થતી નથી:

"સદર નાણાં અમોએ અમારા અંગત વેપાર ધંધાના હિત માટે તમારી પાસેથી ટૂંક સમય માટે લીધેલા છે, એટલે કે આજરોજ તારીખ ૨૨/૦૯/૨૦૨૦થી તારીખ ૨૧/૦૯/૨૦૨૧ સુધીની મુદત માટે તમારી પાસેથી લીધેલા છે અને તે તારીખ સુધીમાં આ નાણા મારે તમોને પરત ચૂકવી આપવાના રહેશે તેવા વિશ્વાસ ભરોસા અને ખાતરી સાથે આજરોજ તમો લખી આપનારને હાથ ઉછીના નાણા આપેલ છે. અને સદર આપેલ નાણાની રકમ પેટે એટલે કે ડીપોઝીટ પેટે તમો લખી આપનાર પાસેથી અમો લખી લેનારે બેંક ઓફ ઈન્ડિયા દ્વારકા શાખાનો ચેક આપેલ છે જેના એકાઉન્ટ નં.326510110000190 છે અને જેના ચેક નં. 041839 361013503 000871-10 છે."

(૧૦.૨૯ કેસના કાગળો જોતાં, હાલની ફરિયાદ ફરીયાદી દ્વારા કોર્ટમાં તા. ૨૧/૧૨/૨૦૨૧ના રોજ દાખલ કરવામાં આવેલ છે. આંક-૧૯ની એક્નોલેજમેન્ટ સ્લીપ જોતા તેમજ ફરિયાદીની ફરિયાદ અને સરતપાસના સોગંદનામાને જોતા, આરોપીને ડીમાંડ નોટીસ તા.૦૯/૧૧/૨૦૨૧ના રોજ મળેલ હોઈ, ફરિયાદી સમયમર્યાદામાં આપવામાં આવેલ છે જે બાબતે બચાવપક્ષે કોઈ વાંધો કે તકરાર લેવામાં આવેલ નથી.

(૧૦.૩) આરોપી દ્વારા કોઈ બચાવ આંક-૧૭ની ડીમાંડ નોટીસનો જવાબ આપી લેવામાં આવેલ નથી. વધુમાં, આરોપી તરફે ડીમાંડ નોટીસ ફરિયાદમાં જણાવેલ તારીખે નથી મળેલ તેવો કોઈ બચાવ લેવામાં આવેલ નથી કે આ હકીકતને કોઈ રીતે પડકારેલ નથી. આરોપીનો એવો કોઈ કેસ નથી કે તેણે કોઈ ધાકધમકી કે બળજબરી હેઠળ લખાણ પર સહી કરી હોય અથવા ચેક સોંપ્યો હોય. આરોપીનો એવો પણ કોઈ કેસ નથી કે સહી કરેલો ખાલી ચેક ચોરાઈ ગયો હતો. કોઈ દેવાની ચૂકવણી પેટે આપવામાં આવેલ ન હતો તેના કોઈ નક્કર પુરાવાની ગેરહાજરીમાં, આરોપી દ્વારા સ્વૈચ્છિક રીતે સહી કરીને સોંપવામાં આવેલ કોરો ચેક પણ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ.૧૩૯ હેઠળના અનુમાનને આકર્ષિત કરે છે. આ અંગે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ***Bir Singh vs. Mukesh Kumar [2019 4 SCC 197]***માં ઠરાવવામાં આવેલ છે કે,

"37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

39. It is not the case of the respondent-accused that he either signed the cheque or parted with it under any threat or coercion. Nor is it the case of the respondent-accused that the unfilled signed cheque had been stolen. The existence of a fiduciary relationship between the payee of a cheque and its drawer, would not disentitle the payee to the benefit of the presumption

under Section 139 of the Negotiable Instruments Act, in the absence of evidence of exercise of undue influence or coercion. The second question is also answered in the negative.

40. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt.

(૧૦.૪) આરોપીએ આપેલ ચેક આરોપીની વિશેષ જાણકારી છે અને તે આવો બચાવ લેતા હોય તો તે પુરવાર કરવાની સાબિતીનો બોજો ફરિયાદી પર ખસેડી શકાય નહિ. અને આરોપી પોતાનો બચાવ ઉભો કરી શકવામાં નિષ્ફળ જાય તો પણ તેને નિર્દોષ માનવો તેવું કાયદાનું અનુમાન નથી. ભારતીય પુરાવાની ધારાની ક.૧૦૬ મુજબ આવો બચાવ સાબિત કરવાની જવાબદારી માત્ર આરોપીની જ છે. આ અંગે નામદાર દિલ્હી હાઈકોર્ટ દ્વારા CRL.M.C.212/2021 & Crl.M.A. 1084/2021 માં ***Summy Bhasin vs State of NCT of Delhi*** ના કેસમાં તા.૧૦/૦૩/૨૦૨૧ના રોજ આપવામાં આવેલ ચુકાદામાં ધરાવેલ છે કે:

“10. An offence under Section 138 of the N.I. Act is technical in nature and defences, which an accused can take, are inbuilt; for instance, the cheque was given without consideration, the accused was not a Director at that time, accused was a sleeping partner or a sleeping Director, cheque was given as a security etc, etc., **the onus of proving these**

**defences is on the accused alone, in view of Section 106 of the Indian Evidence Act, 1872.** Since the mandate of the legislature is the trial of such cases in a summary manner, the evidence already given by the complainant by way of affidavit is sufficient proof of the offence and this evidence is not required to be given again in terms of section 145(1) of the N.I. Act and has to be read during the trial. The witnesses i.e. the complainant or other witnesses can be recalled only when the accused makes such an application and this application must disclose the reason why the accused wants to recall the witnesses and on what point the witnesses are to be cross examined.

11. The offence under Section 138 of the N.I. Act is an offence in the personal nature of the complainant and **since it is within the special knowledge of the accused as to why he is not to face trial under section 138 N.I. Act, he alone has to take the plea of defense and the burden cannot be shifted to complainant. There is no presumption that even if an accused fails to bring out his defense, he is still to be considered innocent.** If an accused has a defense against dishonor

of the cheque in question, it is he alone who knows the defense and responsibility of spelling out this defense to the Court and then proving this defense is on the accused. Once the complainant has brought forward his case by giving his affidavit about the issuance of cheque, dishonor of cheque, issuance of demand notice etc., he can be cross-examined only if the accused makes an application to the Court as to, on what point he wants to cross examine the witness (es) and then only the Court shall recall the witness by recording reasons thereto."

(૧૦.૫) બચાવપક્ષે નામદાર હાઈકોર્ટના ***G.Manohar & Anr. vs. S.Mahalingam [(1992) LW (Cri) 367], M/s. Balaji Seafoods Exports (India) Ltd. & Anr. vs. Mac Industries Ltd.[(1999)1 CLJ (Criminal) 372], Anil vs. Vinod Kumar [(2010) 2 DCR 638], Dharmesh Singh vs. Suresh [(2009)2 DCR 6]*** તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના ***M.S.Narayana Menon @ Mani vs. State of Kerala [Cri.Appeal/1012/199], Krishna Janardan Bhat vs. Dattatraya G. Hegde[IR 2008 SC 1325], Rangappa vs. Mohan[AIR 2010 Sc 1898]*** ના કેસમાં આપવામાં આવેલ ચુકાદો પર આધાર રાખવમાં આવેલ છે અને દલીલ કરવામાં આવેલ છે કે આરોપીએ સ્ટોપ પેમેન્ટ કરાવેલ નથી. જે તે તારીખે અપૂરતા ભંડોળના કારણે જ એન.આઈ.એક્ટની ક.૧૩૮ હેઠળ ગુનો બનેલ ગણી શકાય પરંતુ સ્ટોપ પેમેન્ટના કારણે ગણી શકાય નહીં. પરંતુ હાલની બચાવપક્ષની દલીલ સંદર્ભે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો આરોપીએ ડીમાંડ નોટીસનો જવાબ આપીને કે ફરિયાદીની ઉલટતપાસથી કે વિશેષ નિવેદન કે પુરાવો રજુ કરીને કે કોઈ પણ સ્ટેજે આવો બચાવ લેવામાં આવેલ નથી. માત્ર સ્ટોપ પેમેન્ટ આરોપીએ કરાવેલ નથી તેવી દલીલ કરવામાં આવેલ છે. તેમજ સંબંધિત તારીખે આરોપીના ખાતામાં પુરતું ભંડોળ હતુ તેનો પણ કોઈ પુરાવો આપવામાં આવેલ નથી જે સાબિત કરવાનો બોજો આરોપી પર હોવા છતાં ફરિયાદી પર હોવાની દલીલ કરવામાં આવેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ***M/S M. M. T. C. Ltd. & Anr vs M/S Medchl Chemicals & Pharma P. Ltd. [AIR 2002 SUPREME COURT 182]*** ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

> "Just such a contention has been negatived by this Court has, in the case of Modi Cements Ltd. v. Kuchil Kumar Nandi reported in (1998) 3 SCC 249. It has been held that even though the cheque is dishonoured by reason of 'stop payment' instruction an offence under Section

138 could still be made out. It is held that the presumption under Section 139 is attracted in such a case also. The authority shows that even when the cheque is dishonoured by reason of stop payment instructions by virtue of Section 139 the Court has to presume that the cheque was received by the holder for the discharge, in whole or in part, of any debt or liability. Of course this is a rebuttable presumption. **The accused can thus show that the "stop payment" instructions were not issued because of insufficiency or paucity of funds.** If the accused shows that in his account there was sufficient funds to clear the amount of the cheque at the time of presentation of the cheque for encashment at the drawer bank and that the stop payment notice had been issued because of other valid causes including that there was no existing debt or liability at the time of presentation of cheque for encashment, then an offence under Section 138 would not be made out. **The important thing is that the burden of so proving would be on the accused. Thus a Court cannot quash a complaint on this ground."**

(૧૦.૬) **<u>હાલના કેસમાં ફરિયાદીની જવાબદારી સિવિલ કેસની જેમ પોતાનું લેણું પુરવાર કરવાની નથી</u>.** હાલનો આંક–૧૪નો ચેક જયારે આરોપી દ્વારા ફરિયાદીને આપવામાં આવેલાનું પુરવાર થયેલ છે ત્યારે તેની સાથે કાયદાનું અવેજનું અનુમાન રહેલું છે. ત્યારબાદ પુરાવાનો બોજો આરોપી પર આવતા આ અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી પર રહેલ છે. આ અંગે નામદાર સીપ્રીમ કોર્ટે પોતાના તા.૧૭/૧૦/૨૦૧૯ના ક્રિમીનલ અપીલ નં.૧૫૪૫/૨૦૧૯માં ***<u>ઉત્તમ રામ વિ. દેવિન્દર સિંઘ</u>***ના કેસમાં આપેલ ચુકાદામાં કરેલ નીચે મુજબના અવલોકન કરેલ છે.

> “The accused has failed to lead any evidence to rebut the statutory presumption, a finding returned by both the Trial Court and the High Court. Both Court not only erred in law but also committed perversity when the due amount is said to be disputed only on account of discrepancy in the cartons, packing material or the rate to determine the total liability **as if the appellant was proving his debt before the Civil Court.** Therefore, it is presumed that the cheques in question were drawn for consideration and the holder of the cheques, i.e. the appellant received the same in discharge of an existing debt. **The onus, thereafter, shifted on the accused-appellant to establish a probable defence so as to rebut such presumption, which onus has not been discharged by the respondent.**”

(૧૦.૭) આરોપીએ માત્ર સંભવિત બચાવ રેકર્ડ પર લાવવાનો છે અને આવું તે માત્ર ફરિયાદીની ઉલટ તપાસ થકી પણ કરી શકે છે.

વધુમાં, આવો બચાવ ઉપર જણાવ્યા મુજબની એન.આઈ.એકટની ક.૧૧૮ અને ક.૧૩૯ની જોગવાઈઓ મુજબના અનુંમાનોનું ખંડન કરી શકે તેટલો સક્ષમ, સચોટ અને માનવાને લાયક હોવો જોઈએ. પરંતુ ફરીયાદીના કેસ પર શંકા ઉભી કરવા આ કામે બચાવપક્ષ તેવી પ્રબળ સંભાવના બની શકે તેવુ કોઈ મટીરીય લ રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. આરોપીએ એ દર્શાવવાનું છે કે તેમના દ્વારા ફરિયાદીને આપવામાં આવેલ ચેક ફરિયાદી જણાવે છે તે ફરિયાદીને આપેલ ન હતો અને વેપાર ધંધા માટે રકમ લીધેલ હતી તેની ચુકવણી પેટે ન હતોઈ આરોપીએ અવેજનું બિનઢઅસ્તિત્વ પુરવાર કરવાનું છેઈ આરોપીએ એવી હકિકતો અને સંજોગો રેકર્ડ પર લાવવાના છે જેનાથી કોર્ટ એવા તારણ પર આવી શકે કે, **કાં તો અવેજનું અસ્તિત્વ જ ન હતું** અથવા **અવેજનું બીન અસ્તિત્વ એટલું બધું સંભવ હતું** કે, સામાન્ય બુધ્ધિશાળી વ્યકિત એવું માનીને ચાલી શકે કે, આવા કેસના સંજોગોમાં અવેજ ખરેખર અસ્તિત્વ ધરાવતું ન હતું. પરંતુ આગળ ઉપર ચર્ચા કરવામાં આવેલ ઉપરોકત સંજોગોમાં  આરોપી જયારે એનઈઆઈઈએક્ટની કલમ  ૧૧૮(એ) અને ૧ ૩૯ના અનુમાનના ખંડનનો પ્રાથમીક બોજો પોતાના પરથી ખસેડી શકેલ નથી ત્યારે ફરીયાદીએ રજુ કરેલ રેકર્ડ પરના પુરાવાને જોતાં કલમ ૧૩૮ ના તત્વો સંતોષાતા હોઈ, સવાલવાળો ચેક આરોપી ધ્વારા ફરીયાદીને કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૦.૮) આમ, ઉપરોકત ચર્ચા કરેલ રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરી નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓમાં સ્થાપિત સિદ્ધાંતો મુજબ ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર એ હકિકત નિ:શંકપણે પુરાવાર થાય છે કે, ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ છે તથા આ કામે આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ હેઠળ કરવામાં આવતા **અનુમાનોનું ખં ડન આરોપી કરી શકેલ નથી**. આ ઉપરોક્ત સમગ્ર હકીકત ધ્યાનમાં લેતા મુદ્દા નં. ૧નો જવાબ હકારમાં આપવામાં આવે છે

અને આરોપીને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટલ ૧૮૮૧ની કલમ–૧૩૮ના ગુનામાં દોષિત ઠરાવું છું.

૮૧૦ઈ૯૯ ઉપર મુદ્દા નં.૧માં ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શકપણે પુરવાર કરી શકેલ છે, અને ***Varkey vs. State [1989 CriLJ 2357]*** ના ચુકાદામાં નામદાર કેરાલા હાઈકોર્ટ ધ્વારા નીચે મુજબ પ્રસ્થાપીત કરેલ છે કે મેજીસ્ટ્રેટ ધ્વારા સમન્સ ટ્રાયેબલ કેસમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ સજાનો હુકમ કરતા સમયે સજા અંગે આરોપીને સાંભળવાની જરૂર નથી અને હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ પ્રક્રિયાથી ચાલેલ હોવાથી આરોપીને સજા અંગે સાંભળવા ની જરૂરિયાત જણાતી નથીઃ

> “2. Offence Under Section 289, I.P.C. is punishable with imprisonment of either description for a term which may extend to six months or with fine which may extend to one thousand rupees or with both. Such an offence is to be tried as a summons case. Section 255 of the Code of Criminal Procedure deals with acquittal or conviction of accused tried in a summons case. Clause (2) of that Section 2 states where the Magistrate does not proceed in accordance with the provisions of Section 325 or Section 360, he should, if he finds the accused guilty, pass sentence upon him according to law. This provision does not enjoin the trial Magistrate to hear the accused on the question of sentence as provided by Section

248(2) of the Cr. P.C. Provisions similar to Section 248(2) is contained in Section 235(2) of the Code as well. Those provisions deal with cases tried as warrant cases or as sessions cases respectively. From the scheme of the above provisions it is evident that Courts convicting an accused charged with graver offences have to hear them on the question of sentence. Accused tried for lesser offence as in the case of summons case, such provision is conspicuously absent. Therefore, the learned Sessions Judge was clearly in error in thinking that the fine of Rs. 500/- imposed on the accused in a case tried as a summons case was contrary to the provisions contained in the Cr. P.C. requiring remit of the case to trial Court because the accused was not given opportunity to make his representation on the sentence."

૮૧૦ઈ૧૦૯ વધુમાંલ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સને ૧૯૯૮માં અને ત્યારબાદ સને ૨૦૦૨માં સુધારો કરી પ્રકરણ ૧૭માં કલમ–૧૩૮થી કલમ–૧૪૭ ની જોગવાઈઓ કરવામાં આવેલી છે કે જેનાથી કાયદાની મજબુત પકકડ બની શકે. કારણ કે આ એકટનો ઉદ્દેશ ઝડપથી બદલાતી વ્યાપારિક અને આર્થિક પરિવેશમાં નાં ણાના આદાન પ્રદાન માટે છે. વ્યવહારમાં વિશ્વાસ અને ધંધાની લેવડ દેવડમાં આસ્થા રહે તે માટે છે. જેથી તેનો ગેરલાભ અને ગેર ઉપયોગ થતો અટકાવવા માટે પગલાં લ ેવાની કોર્ટની ફરજ છે કે જેના દ્વારા ચેકથી થતાં વ્યવહારો સુરક્ષિત બનાવી શકાય. તેમજ નામદાર કેરાલા હાઈકોર્ટનો ***M.V. Nalinakshan vs. M. Rameshan [2009 CRI. L.J 1703]*** ના ચુકાદા માં કરવામાં આવેલ નીચે મુજબના અવલોકન મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ એકટની કલમ–૩

અને ૪ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ−૩૬૦ ની  જોગવાઈનો લાભ આપવો ન્યાયોચીત જણાતો નથીઃ

> “The Court must therefore, be satisfied before invoking Section 4(1) of the PO Act that it is apt and suitable to the end in view and to the circumstances of the case to do so. Offence under Section 138 of the Act is punishable with imprisonment or with fine which may extend to twice the amount of the cheque or with both. Section 357(1)(b) of the Code empowers the Court to order the whole or part of fine recovered to be paid as compensation for loss or injury caused by the offence. Section 357(3) of the Code also is applicable to a person found guilty under Section 138 of the Act. A learned Judge of this Court pointed out in Anilkumar Vs. Shammy (2002(3) KLT 852) that normally a direction for payment of compensation under Section 357 of the Code should follow a successful prosecution under Section 138 of the Act. Learned Judge observed that "if there are sufficient and compelling reasons, the Court must specify such reasons in the judgment and then only choose not to invoke the powers under S.357 of the Criminal Procedure Code.". The scheme of the Act is to compensate the payee or holder in due course on successful prosecution of the offender for the loss or injury he has suffered. Responsibility of awarding compensation to the payee or holder in due course is

bestowed on the Court. Causing dishonour of cheque due to insufficiency of funds and non-payment of the amount within the prescribed time even after dishonour intimation and demand for payment of the amount is not an emotional act done under any compulsion of circumstances. **In my view, having regard to the object of introducing Section 138 of the Act and the nature of that offence, there is little scope for reforming a person who is proved to have committed the offence punishable under Section 138 of the Act and directing him to execute bond and in the meantime be of good behaviour and keep peace in the locality for any period whatsoever. As such it is not expedient to release a person convicted of the offence under Section 138 of the Act on probation under Section 4(1) of the PO Act. Learned Magistrate was not correct in invoking Section 4(1) of the PO Act.** That part of the judgment therefore, is liable to be set aside and, I do so.”

૮૧૧૯ આ થી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા હાલની ફરીયાદ વાળો તકરારી ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની **કલમ–૧૩૮** ની જોગવાઈ કરવાનો ધારાસભાનો આશય ધ્યાને રાખી **મુદ્દા નંબર–૨** પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરું છું.

**<u>આખરી હુકમ</u>**

૧. આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨ઈ આ કેસના સંજોગો જોતા હાલના કામના આરોપીને આથી આદેશ કરવામાં આવે છે કે, તેઓએ ચેકની બમણી રકમ રૂા. ૪,૦૦,૦૦૦/–( અંકે રૂપિયા ચાર લાખ પુરા) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૭ હેઠળ વળતર પેટે **દિન–૩૦માં** હાલના કામના ફરીયાદીને ચુકવવા. જો સબબ આરોપી સદરહુ વળતર ની રકમ ભરવામાં કસુર કરે તો, તેવા કસુર બદલ દંડ ગણી બીજી છ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી તરફે અગાઉ રજુ થયેલ જાતમુચરકા તથા જામીન ખત રદ્દ કરવામાં આવે છે.

૪ઈ આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ ૩૬૩ મુજબ ચુકાદાની એક સર્ટીફાઈડ નકલ વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા : 01/04/2026

(જગદીશ એસ.પ્રજાપતિ)
અધિક ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ,
દ્વારકા
જી.જે.૦૧૨૨૭

***Self***